THE SIR J. J. ENGLISH SCHOOL, SURAT.

(FOUNDED IN 1852.)

A NEW YEAR'S DAY PRESENT

TO

PUPILS *and* EX-PUPILS

POPULAR TALKS

on

RELIGION, CEREMONY, THE JASHAN CEREMONY &c.,

BEING

Extracts from a Sermon delivered on the 18th January 1916 on the occasion of the opening of the Consecrated Building for Religious Ceremonies in the Surat Parsi Orphanage.

Jamshed-i-Nao-Rooz

New Year's Day,

21st March, 1916.

H. D. MULLA,

Head Master.

The ultimate aim of all education is one and one only,-viz that man may be taught his duty-his religion-in this world, towards his creator and His Creation including himself; so that, becoming happy himself, he may propagate happiness and plenty in the world. It is for this reason that we attach the utmost importance to the rules based on this our motto,-rules relating to hygiene, health and PURITY of body, mind, soul and of surrounding nature—the ELEMENTS.

Reading of books and passing of examinations do not consti- -tute education, they only constitute one of the paths to receive education. If an individual is not imparted the knowledge of his religion, all the other knowledge, and all the art and science, and all the wealth and rank and power acquired by him are not only useless, but, like a pistol in a monkey's possession they are a positive menace to God's creation and to the world's happiness.

(See P. 4)

From all this we see that ceremony is not religion but an excellent mode of impressing religion on our minds.

(See P. 6)

This custom, of reviving the memory of the dead in religious ceremony with their names, is excellent. In the first place, the reciting in one breath of so many names of young and old, and rich and poor people and of kings, heroes &c., &c. the idea that sooner or later they also have to die is clearly impressed upon the minds of those who perform and those who see the ceremony and once this idea is settled in the mind, all temptition to commit sins for the acquisition of worldly wealth and pleasure and power is crushed in its cradle; all worldly worries are reduced to a minimum; all the folly of flattery of the great and detestation of the depressed is detected. The threats of enemies look rediculous and zeal and inspiration are created within us to carry on the battle of purity till the last day of life.

(See P. 10)

The Sir J. J. English School, Surat



1st April, 1914. *Facing P. 7*


(United prayers on the Drill Ground on the occasion of the 55th Anniversary of the death of Sir Jamsetji Jijibhoy the 1st Baronet.)

Purity, the best of all gifts, give us always and in all undertakings.

(Translation of lines 5, 6 & 7 on p. 1. of "A New Year's Day Present" of 1915.)

(Lord of Purity,) grant us sense to be healthy by keeping the body pure,- Teach us to derive all happiness from nothing but mental purity,"(because that happiness alone is permanent.) With a pure mind & a pure body, the soul will be developed of its own accord, and causing growth and plenty in Thy world, will be prepared to approach Thee.

(Translation of lines 8-11 on p. 1 of "A New Year's Day Present" of 1915.)



Path there is but one : and that is the path of Purity.- All others are wrong paths.

(Translation of note 3 on Page 2 B. of "A New Year's Day Present" of 1915.)

" Our world-famed motto's aims,
"- A strong physique, clear brains,
" Strength of soul in Elements,
" Our excercise attains."

(See p 33 of "A New Year's Day Present of 1915.)

PURITY IS THE HIGHEST GOOD.

I. PURITY OF THE ELEMENTS.

Attained by :—

1. Purity of Fire (R. G. H. I.)*
2. Purity of Air (R. G. H. II.)
3. Purity of Earth (R. G. H. III)
4. Purity of Water (R. G. H. IV)
5. Relation to Men (R. G. H. V)
6. Relation to Lower Animals (R. G. H. VI)

II. PURITY OF BODY.

Attained by :—

1. Purity of Skin.
   - a. Bath (X)*
   - b. Clothes (VIII)
2. Purity of Hair & Nail (XI)
3. Purity of Blood
   - a. Sunlight (II)
   - b. Fresh Air (I)
   - c. Fresh Food (IV 13)
   - d. Fresh Water (III 2 IV 7)
   - e. Tea & Alcohol (IV 6)
   - f Mastication (III 4)
   - g. Bowels (V)
   - h. Exercise (VI)
   - i Garments (VIII)
   - j. Self pollution & immorality. (XIV 1)
4. Purity of Mouth
   - a. Tooth Brush (IX 2)
   - b. Gargles (IX)
5. Purity in the matter of Excretion & Secretion. (X 4)

---

* The numbers refer to our "Rules of Health"

III. PURITY OF MIND.

Attained by :-

1. Purity of Body
2. Truthfulness (XIV 3)*
3. Duty (XIV 5)
4. Hobbies (XIV 6)
5. Garden, Open Air & "Cheer-up" Clubs and Excursions. (XIV-1)
6. Personal Time tables for working days and holidays (III 1)
7. Sleep. (VII)

IV PURITY OF SOUL.

Attained by :

1. Purity of the Elements.
2. Purity of Body.
3. Purity of Mind.

H. D. M

---

*The numbers refer to our " Rules of Health "

TO

ALL

PUPILS

AND

EX-PUPILS

"Ne obliviscaris"

(Lest thou forget.)



Sir Jamsetji Jijibhoy Baronet (First.)

Father of Education, Friend of the Sick
Benefactor of the Needy,
(See-Our Song Book, P. 21)

BORN.
15th July, 1783

DIED.
14th April, 1859

Founded the Sir J J English School Surat 1852

POPULAR TALKS.

ON

Religion, Ceremony, the Jashan Ceremony &c.

BEING

Extracts from a Sermon delivered on the 18th January 1916 on the occasion of the opening of the Consecrated Building for Religious Ceremonies in the Surt Parsi Orphanage.

ભાગ ૧ લો :—ધર્મ.

યઝદાની યાદ અને યઝદાં પનાહ માટેની હમારી રોજની ગાયનરૂપી બંદગી પછી, અશોઇ યાને પવિત્રાઇ (purity)ની લજ્જત ચખાવવા માટે હમારી કમ્મર કુસ્તીથી તંગ કરી, જે ધર્મ-ક્રિયા હાલ કરી બતાવી છે, તેની ટુંક સમજુત હમણાં અત્રે આપવામાં આવશે. પણ આજની ધર્મ-ક્રિયાની એવી સમજુત અપાય તે પહેલાં ધર્મ પોતે શું ચીજ છે તે, અને ત્યાર પછી ક્રિયા સાથે ધર્મનો સંબંધ શું છે તે દર્શાવવાની અગત છે.

ધર્મ એટલે ફરજ. ઇનસાનની પોતાના કિરતાર તરફની અને તેની પેદાએશ તરફની જે ફરજ છે—અને જે ફરજ બજાવ્યાથી બીજાઓનેજ નહિ પણ તેને પોતાને પણ સુખ પ્રાપ્ત થાય છે--તે ફરજને ધર્મ કહે છે. ઇનસાન આ દુનિઆમાં જનમ લે છે ત્યારે તે એક તદન અજાણ્યા વાતાવરણમાં મેલાય છે, અને પરમુલકમાં એકાએક જઇ પુગેલા કોઇ પરદેશી જેવી તેની હાલત દુનીઆમાં થઇ પડે છે, માટે સુખી અને ફતેહમંદ થવા માટે ઇનસાને આ દુનીઆમાં **કેવી રીતે** વર્તવું તે તેને શિખાડવાની અગત છે. આ શિક્ષણ માણસના જનમથીજ કિરતાર તેને આસપાસની કુદરત અને જાતી-અક્કલ મારફત આપે છે;-એટલે દરેક માણસનો અસલ, એકજ અને ખરેખરો ધર્મ-ગુરૂ તો ખુદાજ છે; અને તે દાદારની કુદરત તે તેના ધર્મ શિક્ષણની નિશાળ નિશાળ છે. કુદરતના કાનુનોને અનુસરીને ચાલવું એ ધર્મ છે; પોતાના તનની જતન કરી તેને હરદમ આરોગ્ય રાખવું એ ધર્મ છે; પોતાના મનને અકુદરતી વિચારોથી નિરાળું રાખી પોતાનું અને ભાઇ-બંધ ઇનસાન, તેમજ પશુપક્ષી સુદ્ધાંની બીજી પએદાયશનું સુખ

બને એટલું વધારવું, એ ધર્મ છે; હવા, પાણી, ગરમી, રોશની, જમીન, અને ઝાડપાન જે દાદારે અમુક માણસના નહિ પણ **સાર્વજનીક** ઉપયોગ માટે બનાવેલાં, તે સાર્વજનીક બક્ષિસોનો બગાડ ન કરવો એ ધર્મ છે; અને જાતી વર્તણુ એવી રીતનું રાખી પછીજ છેલ્લે સર્વે નિયામનો માટે તેના બક્ષનાર દાદારની ગમે એવી ટુંકી પણ ખરા દિલની અને **સમજીને** બંદગી કરવી, સ્તુતી કરવી, કીરતન કરવુ, **જશન** કરવું એ પણ ધર્મજ છે. ઉપર દર્શાવેલો સર્વ ધર્મ એજ ઇનસાનનો ખુદા તર્ફથી હરરોજ અને હરપળ શિખવાતો ધર્મ છે; અને એ ધર્મની વધતી ઓછી અક્કલ ઇનસાનને જન્મથીજ હોય છે. પણ ટુંક દ્રષ્ટિ, પોતાની અક્કલના કમ-ઉપયોગ, નકલ અને દેખાદેખીના સબબોને લીધે માણસો ઘણીક વાર આ કુદરતી આગ્નાને બાજુ મેલી અને ધીમે ધીમે બિલકુલ ભુલી જઇ, લોભ હવશ વિગેરેથી લલચાય છે, અને આયન્દે પોતે દુ:ખી થઇ દુનીઆનુ સુખ ઓછું કરે છે. જયારે માણસનો મોટો ભાગ આવી રીતે અકુદરતી વલણ એખ્ત્યાર કરવા લલચાય છે, ત્યારે તેઓને તેમ કરતા વાળી અસલ કુદરતી રાહ ઉપર પાછા લાવવાને એક મહાન પએગામબર બહાર પડે છે, અને ખુદાનો ખરેખરો પએગામ લોકોને સમજાવે છે. આવો પએગામ આપણે માટે લાવનાર અશો જરથોસ્ત પેએગમબર છે, કે જેઓએ દુનીઆમાં સુખી અને ફતેહમંદ થઇ તેની વૃદ્ધિ કરવાનો ખરો માર્ગ આપણને બતાવ્યો છે. અશો જરથોસ્તે આમ ખુલ્લા કરી બતાવેલા માર્ગ ઉપર ચાલવું એ આપણો ધર્મ યાને ફર્ઝ છે, અને ઉપર કહ્યું તે ઉપરથી તમો જોશો કે એ ધર્મ સમજવો અને પાળવો એ દરએક સાધારણ માણસની શક્તીની તદ્દન હદમાં છે. એ ધર્મ પાળવો ઘણોજ ઘણોજ મુસ્કેલ છે, એવું બોલવુ આપણા ઉમદા ધર્મની તારીફ નહી પણ બદગોઇ ગાવા બરાબર છે, કારણ એ ઉપરથી તો એવું અનુમાન થાય કે દુન્યાના **સર્વ** માણસોના ફાયદા અને સુખ માટે અશો જરથોસ્ત જે પએગામ લાવેલા, તે તે બધાને સમજાવી તેઓ માટે આ અને આવતી જેહાનના સુખ મેળવી આપી શકવામાં તેવણ સાહેબ નીષ્ફળ નીવડયા ! પણ ખરી વાત તો એમ છે કે પોતાનો પએગામ દુન્યાને સમજાવવામા આશો જરથોસ્ત પુરેપુરા ફતેહમંદ નીવડયા છે; અને તેનો સઉથી સરસ પુરાવો આજ છે કે દેશ અને કાળના ચક્રો અગરજે તેવણની દીન ઉપરથી ફરી ગયાં છે, છતાં તે હજી સાબીત રહી છે. કોઇ પણ જાતની કેળવણીની આયન્દેહ નેમ ફકત એક અને એકજ છે, અને તે એજ છે કે પોતાના કિરતાર અને પોતા સુદ્ધાની તેની પએદાએશ તર્ફ આ દુનીઆમાં કેમ વર્તવાની માણસની ફર્ઝ યાને ધર્મ છે તે તેને શિખાડવું, કે જેથી કરી પોતે સુખી થઇ જગતમાં સુખની તે વૃદ્ધિ કરે. આજ કારણસર અમારા આ મુદ્રાલેખ ઉપર રચાયલા, તન, મન, આત્મા અને આસપાસની કુદરતની સ્વચ્છતાના અને આરોગ્યતાના નીયમોને અમો ભારે અગત્યતા આપીએ છીએ. ચોપડીઓ વાચવી અને પરીક્ષાઓ પસાર કરવી એ કેળવણી નથી, પણ કેળવણી મેળવવાના માર્ગોમાનો માત્ર એક ભાગ છે. જો એક ઇનસાનને તેની ફર્ઝ (એટલે ધર્મ) નું ગ્નાન મળ્યું ન હોય તો તે વગર તેણે સંપાદન કરેલો હુન્નર કે વિદ્યા કે દોલત કે દરજ્જો નકામા છે એટલુંજ નહિ પણ વાંદરના હાથમાં પિસ્તોલ મિસાલે તે દુનીઆના સુખને માટે અને ખુદાની કુદરતને માટે જોખમ ભરેલા છે. આથીજ સુધરેલા મુલ્કોની નિશાળોમાં ધર્મગ્નાનને સઉથી વધુ અગત્યતા આપવામાં આવેછે અને સ્કુલનો હેડમાસ્તર પોતે એક કેળવાએલો ધર્મ—ગુરૂ હોયછે.

ભાગ ૨ જો:—ક્રિયા.

ધર્મ એટલે શું તેની ટુંક સમજણ પછી હવે **ક્રીયા** એટલે શું અને તેને ધર્મ સાથે શું સંબંધ છે તે તપાસ્યે.

ક્રીયા એટલે કામ. એક અથવા વધુ ઇંદ્રિઓથી અનુભવી શકાય એવા કામને ક્રીયા કહે છે. ધર્મ સાથે ક્રિયાને જોડવાનો મુખ્ય હેતુ એ છે કે ધર્મ એક અનદિઠ વિષય હોવાથી, તેની સાથે જોડાયલા બોધ તેમજ ખુદા અને ખુદરત વિષેના ઉમદા ખ્યાલો માણસોના ઘણા મોટા ભાગ માટે સમજવા મુસ્કેલ થઇ પડે છે તેથી તેઓને દેખીતા વિષયોથી બને એટલા સહેલ અને સમજી શકાય એવા કરવા. ક્રીયા, દેખીતી અને ઇંદ્રિઓથી અનુભવી શકાય એવી હોવાથી, તેઓ મારફતે ખ્યાલ કરી બોધ લેવાનું સહેલ થઇ પડે છે. ક્રીયા **સારથી** વાત સમજાવે છે, તથા બોધ દે છે; અને તેમાં વપરાતી નિશાનીઓ અને ચિન્હો (Signs and symbols) ને લીધે તેઓ માણસોના મગજ ઉપર ઇંદ્રિઓ વાટે બને એટલો ઉંડો છાપ બેસાડી શકે છે. વળી ઇંદ્રિઓ એ મગજ શક્તિમાં પેવશ થવાનાં જુદા જુદા દરવાજા હોવાથી ક્રિયા, વિચાર-શક્તિને ખિલવે છે—inspire કરે છે. હાલની ક્રિયાથી મગજ-શક્તિ જુદે જુદે દરવાજે કેમ inspire થઇ તે તપાસ્યેઃ—

પહેલાં તો ક્રિયા કરવા આગમજ હમારા તન અંગોલથી પાક કરવાથી Sense of Touch એટલે લાગન-શક્તિ મારફત.

બીજું તો મોટે સાદના અને એક સરખે અવાજના અત્રે થયલાં ગાયન અને બંદગીથી કાનની સાંભળવાની શક્તિ મારફત.

ત્રીજું તો હમારા આ એક સરખા સુફેદ પોશાક, સારી રીતે બિછાવેલી આ મેજ, આ આતશ, પાણી, ફળ ફલાદી વિગેરેની હાજરી, ગોઠવણ અને દેખાવથી આપણી જોવાની ઇંદ્રિ મારફત

ચોથુ તો આતશ ઉપર બળતી આ સુગંધી વસ્તુઓને લીધે સુંઘવાની શક્તિ મારફત અને

પાંચમું તો આ દરૂન, ફળ ફલાદી, સરબત, દુધ, પાણી, વિગેરેની ચાશની કરવાથી સ્વાદની લાગણી મારફત.

આવી રીતે ઇંદ્રિઓ મારફતે ક્રિયા માણસોના મનને inspire કરે છે તે ઉપરાંત બીજી બે રીતે પણ તે તેમ કરે છેઃ—

પહેલું તો અત્રે રજુ થએલી જુદી જુદી ચીજો અને કરેલી નિશાનીઓ જુદા જુદા ખ્યાલો ઉત્પન્ન કરતી હોવાથી ખુદ વિચારની શક્તિ મારફત અને

બીજું અને સઉથી શ્રેષ્ટ તો જે બંદગી મોઢેથી ગાઇને તથા બોલીને થઇ તેમાં સુચવેલા ખ્યાલોને લીધે જાતી-અક્કલ મારફત. અત્રે કહેવાની ઘણી અગત છે કે આ છેલ્લા કારણને લીધે સમજ્યા વગર કરેલી બંદગી કે ક્રિયા જોઇએ એવી કાર્યસાધક થઇ પડતી નથી, તેમજ જોઇએ એવું સાબુત યકીન સ્થાપી શકતી નથી.

આ સવળાં ઉપરથી આપણે જોઇએ છીએ કે ક્રિયા એ કાંઇ ધર્મ નથી. પણ ધર્મ સમજવા મારેની એક ઉત્તમ યોજના છે; અને તેથીજ કરીને ક્રિયાને જ્યાં અઘટિત વજન આપી **તેનેજ** ધર્મ તરીકે ઠોકી બેસાડવામાં આવે છે, ત્યા બિલકુલ જુદા ખર્ચોને, અને બહારના ડોલ દેખાવને, અને મુર્તિપુજાને અને ધુતમધાતમને જન્મ મળે છે, ત્યાં ધર્મ ઉપરની આસ્થા અને ઇશ્વર ઉપરનું એકીન ઓછાં થાય છે; અને ત્યાંજ અધર્મીપણા અને આખર પાપ અને નાશતિકપણાનો પાયો નંખાય છે.

વળી આ સવળાં ઉપરથી આપણે જે બીજી મોટી ચીજ જોઇએ છીએ તે આ છે કે ગુજરેલાં પાછળ થતી કોઇ પણ ક્રિયા તેઓના નહિ, પણ આપણા **જીવતાના** ફાયદા, અને આ તેમજ આવતી જેહાંનનાં આપણા પોતાના સુખને માટે છે. આ ક્રિયાઓ ઉપરથી બોધ લઇ જીવતાંઓએ ચેતીને ચાલવાનું છે; કારણ આપણા ધર્મપુસ્તકોમાં ખુલ્લું જણાવ્યું છે તેમ માણસ ગુજરી જવા પછી તે પોતાની કરણી મુજબનોજ બદલો પામે છે, અને તેના પાછળ કરવામાં આવતી ક્રિયાઓની મતલબ, "જેવાં બી વાવે તેવોજ પાક થાય' એવો ખુદાનો અચલ નિયમ **તોડવાની** નહિ, પણ તે નિયમ ફરી ફરીથી **ખરો** ઠેડવવાની છે. વળી ગુજરેલાંઓની યાદ આપણ જીવતાંઓ આટલા વહાલથી કર્યે છીએ, તેજ આપણામાં ખુદાનો ડર અને નિતિ ઉપ્તન્ન કરવા માટે પુરતી છે. આપણી યાદથી જોકે તેઓના રૂહોની હાલત ફરી શક્તી નથી, તોપણ તેઓના રૂહ તેઓ તર્ફની આવી આપણી ભક્તિ જોઇ ખુશી થાયછે અને આપણને એવી યાદના બદલામાં આશીર્વાદ દેછે, એવી આપણી માન્યતા આપણા મનને શાંત અને આશાવંત બનાવેછે.

ભાગ ૩ જો :—જશન.

ધર્મ એટલે શું અને ધર્મ-ક્રિયા એટલે શું તે આપણે જોઇ ગયા. હવે હાલ જે **અમુક** ધર્મ-ક્રિયા થઇ છે તેની વિગતમાં ટુંકમાં ઉતરીશ.

આજની ક્રિયાને જશન કહે છે. એવાં જશનો યોગ્ય ફેરફાર સાથે ધામબારોના હિંગામે, એક નામના રોજ અને મહિનાના દિવસોએ, ફર્વરદેગાન, નઓરૂઝ, ખોર્દાદ સાલ, દીસો વિ. ટાંકણા ઉપર, સ્કુલના સ્થાપકના જન્મ અને મરણના દીવસોએ અને એવા બીજા **સાધારણ** વાર્ષિક અવસરોએ, તેમજ આજના જેવા **ખાસ** અવસરોએ હમો સ્કુલમાં કર્યે છીએ. જશન એટલે સ્તુતી. હરિએ આપણને કરેલી બક્ષિસો માટે તેનું કિર્તન કરવું એ હરિ-કિર્તનનુ નામ જશન. જે બંદગીઓ થઈ છે તેના ગુજરાતી તરજુમાઓ અત્રે વંચાયલા હોવાથી તેમા સુચવાયલા ખ્યાલોની લંબાણ વિગતમાં હું ઉતરીશ નહી, પણ હુ યાદ આપીશ કે આજનું જશન ૭ ભાગોનું બનેલું છે. પહેલાં હમો ચાર જને જોતીનો ભાગ ભજવી જશનનો દિબાચો માંડયો, અને તેમાં તમામ અશો ફરોહર એટલે દાદાર અહુરમજદ, તેની શક્તિઓ અને તેની કુલ પવિત્ર પએદાએશને યાદ કર્યા. આવી યાદને આફ્રીનગાનનો દિબાચો કહેછે. ત્યાર બાદ બીજુ, અમારા જોરીદારો જેઓએ રાથ્વી તરીકે અત્રે કામ કર્યું છે-તેઓ સાથે હમોએ દાદારની હજુર આજના આ નવા મકાનના સંબંધમાં દુઆ ગુજારી; જે દુઆને દહમાનનું આફ્રીનગાન કહેછે. પછી ત્રીજુ, દાદારની હજુર આપણા શહેનશાહ માટે ખાસ જુદી દુઆ ગુજારી, જે દુઆને દરેક આફ્રીનગાનનો છેવટનો કરદો પહેછે. પછી ચોથું, "હૂમતનામ, હૂખ્તનામ, હૂવર્ષ્તનામ" બોલોથી શરૂ થતી બેવાર ભણાતી બંદગી કરી, ગુજરી ગયેલાં તથા હૈયાત અશો માણસોની ખાસ યાદ અને વખાણ કર્યા. પછી પાંચમું, અહુનાવર તથા અષેમના કલામો ફરીફરીથી ગાઇ દાદરની ચોમેરની હકુમત કબુલ રાખી અશો માણસોને તેના તર્ફથી મળતી ગેબી મદદની યાદ કરી. અને છેવટે છઠ્ઠું, દાદારની હજુર આજની ક્રિયા કરાવનાર અનજુમન માટે દુઆ ગુજારી કે તેના નરો આપણા કેટલાક ન્યાગાનો જેવા નામાંકિત થાય. એ છેલ્લી દુઆને બુઝોર્ગોના નામ સાથની આફ્રીન કહેછે.

ક્રિયા દરમ્યાન આ આતશ, તેની ગરમી, તેની રોશની, તેનાથી સ્વછતા અને ખુશબો પામેલી આ હવા, આ પાણી અને ધરતી માતા ઉપર થયલી આ ફળ ફલાદિ, એ સર્વ દાદારની મૂળ પેદાએશોની (elements)ની એટલે હવા, રોશની, ગરમી, જમીન, અને પાણીની યાદ આપણને આપે છે; અને મૂળતત્વો પવીત્રાઇ અને સુખ વધારનારા સાધનો હોવાથી તેઓની બરદાસ્ત કરવા આપણને સુચવે છે. એજ કારણસર આ હમારા મુદ્રલેખ સાથે એ સર્વ તત્વો બતાવેલા છે.

વળી એ તત્વો યાદ આપે છે કે હવા પાણી રોશની ગરમી જમીન ઝાડપાન જેવી જીંદગીની

મોટામાં મોટી હાજતો પરમેશ્વર બધાંનેજ પુરી પાડી પોતાનો ઇનસાફ અને અપક્ષપાતપણું પુરવાર કરે છે. એ બક્ષીસોના સદઉપયોગથી સુખ, અને બદઉપયોગથી દુ:ખ ઉત્પન્ન થવાનો ખુદાનો અચલ કાયદો તેનો ઇન્સાફ ઓર પણ વધુ જોરથી પુરવાર કરે છે. બક્ષિસોના સાર્વજનીકપણાની એ યાદ આપણને આપણી ગમે એવી હાલતથી સંતોષિ અને દાદારના આભારી થતાં શિખાડે છે. કુદરતની અપાર બલિહારી ફક્ત નિહાલીનેજ અને ઉપર કહેલી બક્ષિસોનો પુર સદઉપયોગ કરીને, જે સુખ અને ખુશાલી કોઇપણ ઇનસાન મેળવી શકે છે, તેવું સુખ કે ખુશાલી ગમે એટલી પદવી કે દોલત કે દરજ્જાથી મેળવવું તદનજ અશક્ય છે. કુદરતને એમ ફક્ત નિહાલીનેજ એક પછી બીજો અને બીજા પછી ત્રીજો એમ અપાર આનંદ પોતામાં પેદા કરવાનું દરેક આદમીના પોતાના હાથમાં છે.

ચકચકિત તારાના જુમખેજુમખા પુનેમનો શાંત ચાંદ, ઉગતો કે આથમતો સૂર્ય, ઉછલતો દર્યો, ગરગર વહી જતાં નદી નાળાં, ખુસ્બોદાર બામદાદ, ખેતરો, ડુંગરો લિલોત્રી વિગેરે નિહાલવાની તેમજ મનને હંમેશ ખુશાલ રાખવાની કોઇપણ આદમીને કુદરત તરફની મનાઇ નથી. અત્રેથી છોકરાઓને અવારનવાર દુરની જોવાજોગ જગ્યાઓ ઉપર અને સહવારના પહોરમાં મંજલ કે મુસાફરીએ લઇ જવાના **સ્કુલ એકસકરશનસ** (school excursions) નો આ મૂળ હેતુ છે.

આ દુધ, કુદરતમાં પ્રાણી પેદાએશની ખાસ જુદી યાદ આપી નિર્દોષતા સુચવે છે.


આ ફુલો સુચવેછે કે મોડે કે વહેલે રૂહ તનમાંથી નીકળી જશે, પણ તેના કામોનો પમરાત તેઓની વધતી ઓછી ભલાઇ મુજબ ટુંકો કે લાંબો વખત સુધી આ જેહાનમાં રહી જશે. અશો જરથોસ્ત પએગામબરને થઈ ગયાને હજારો વર્ષ વીતી ગયાં અને હઝારો વીતશે, તો પણ તેઓના કામોનો પમરાત ચાલુ છે અને રહેશે તેનું કારણ તે કામોની મહાન ભલાઇ, અશોઇ અને ઉપયોગીપણું છે.

ફળોમાં આ દાડમને આપણા લોકો ખાસ અગત્યતા આપેછે, કારણ તેના આ રકમ બંધ દાણા, કુદરતની સખ્યાબંધ અને ઉપરાસાપરી માયાભરી બક્ષિસો અને ટકો સુચવેછે. વળી દાડમને અગત્યતા આપવાનું બીજું કારણ એછે જે તેનુ ઝાડ હમેશ લીલું રહીને કુદરતની ચાલુ (uninterrupted) રહેમદીલી સુચવેછે.

આ ખજુરને પણ ખાસ અગત્ય આપીછે કારણ રણમાં મુસાફરી કરતા ભુખા તરસા આદમીને નીભાવી રાખવાની તેની શક્તિ કુદરતની કરામતી માયા સુચવેછે. વળી તેના ઝાડનું થડ બહુ ઉંડાણ હોવાથી તે કુદરતની મજબુતાઇ (stability) અને તેનું મથાળું ઉંચુ હોવાથી કુદરતની આયન્દહે ફતેહ અને " અંતે ધર્મો જય " નો નીયમ સુચવે છે.

આ સઘળું અત્રે વપડાએલી વસ્તુઓ શું સુચવેછે તે વિષે કહ્યું; હવે અત્રે ક્રિયા દરમ્યાન થવાની નિશાનીઓ શું સુચવી શકે તે કહીશ

Our Last Gahambar Jashan



Facing P [illegible]

(Day Khorshed. Month Meher Yez era 28—19th Feb 1916)

In the back ground is seen the newly consecrated
Building for religious ceremonies in
the Surat Parsi Orphanage

જશનના ત્રીજા ભાગમાં, એટલે શહેનશાહ વિષે દુઆ ગુજારતી વખતે જે નિશાનીઓ થયલી, તે આ ફુલો મારફત થયલી. દરએક જોતીએ બધા ફુલોમાંથી પહેલાં બે ફુલો ચુંટી કહાડી તેઓને આ રવેશે પાસે પાસે ગોઠવી રાખી શહેનશાહ માટે પ્રાર્થના કરતાં તે બંને ઉંચકી જમણી બાજુનું પોતાના હાથમાં રાખી ડાબી બાજુનુ પોતાના સાંમેવાલા સાથીને આપ્યું, અને આખા કરદા દરમ્યાન બંને જણાઓએ હાથ ઉંચો રાખી તે એકમેકને બતાવ્યા, તે સર્વની મતલબ પાદશાહની દેખીતી હકુમત મારફતે દાદારની અણદિઠ, પણ હદ વગરની અને બંને જેહાંનની હકુમતનો ખ્યાલ આપવાની છે. ત્યાં આપણને યથા અહુવઇર્યો નો કલામ યાદ આવે છે. વળી એ નિશાનીઓ સુચવે છે કે પાદશાહ દેશ ઉપર જે હકુમત ચલાવે છે તે દાદારની મરજી અને હુકમનું પરિણામ હોવાથી તે માન અને તાબેદારીને પાત્ર છે.

બીજાં છ ફુલો ચુંટી કાઢી તેમાંના ત્રણ આ રવેશે એકેકની ઉપર ચઢ ઉતર સીડી બનાવી જમણા હાથ ઉપર અને બાકીના ત્રણ ડાબા હાથ ઉપર ગોઠવ્યા, અને પછી "હુમતનામ, હુખ્તનામ, હુવરસ્તનામ" બોલોથી શુરૂ થતી અશોઇની સીફતવાળી બંદગી બે વખ્ત ભણતાં તે ફુલો બંને વાર જે રવેશે વાપડયાં તે સર્વ નિશાનીઓ, ઇનસાનું આ જેહાનમાં એક તર્ફથી જન્મ રૂપે આવવાનો, અને બીજી તર્ફથી મરણરૂપે પાછા જવાનો ખ્યાલ આપે છે. એ ક્રિયા બતાવે છે કે, "માર્ગ માત્ર એકજ છે, અને તે અશોઇનો માર્ગ છે. બીજા બધા ખોટા માર્ગ છે" વળી ત્યાં આપણને અંગ્રમવોહુનો કલામ અને અષ વિષેની અમારી શરૂઆતની બંદગી યાદ આવે છે.

આ પછી "યથા" "અંગ્રમ" ના કલામો ગાતાં ચારે ખુણે વાસણ અફાડવાની મતલબ ચારો દિશા બતલાવી, કિરતારની અને કુદરતની ચોમેરની હાજરી દર્શાવવાની છે; અને અશો માણસને આયન્દે કિરતાર તર્ફથી ચોમેરથી અને હર બહાને મળતી ગૈબી પનાહ અને મદદનો ખ્યાલ આપે છે.

ભાગ ૪ થો :—પરચુરણ.

ધર્મ, ધર્મક્રિયા, અને હાલ થએલી ક્રિયાઓની ટુંક સમજુત પુરી થઇ છે. હવે એકુએ પરચુરણ બાબતો જે અત્રે રજુ થઈ છે તે ઉપર ખુલાસા કરવાની રજા લઉં છું.

પહેલું, હમારા એક સરખા પોશાકનો રંગ **સફેદજ** રાખવાની મતલબ પવિત્રાઇ **સુચવવાની છે એટલુંજ નહિ** પણ પવિત્રાઇ **જાળવવાની** પણ છે. સુફેદ કપડું અપવિત્ર થતાં વિલંબ લાગેછે અને જ્યારે અપવિત્ર થાય છે ત્યારે તુરત પકડાઇ આવે છે. આજ કારણ સર સરજનો, નર્સો, નસાસાલારો વિગેરે સુફેદ કપડાં પહેરેછે. આટલું છતાં અત્રે ઉમેરવાની ઘણી અગત છે કે શું, કેટલા અને કેવાં કપડા પેહેરવાં, એ આપણી તનદરોસ્તી, સફાઇ સુઘડાઈ, સગવડ, લાંબા રીવાજ અને મઝલીસના તરીકાનુ પરિણામ છે; અને એ સવાલને ધર્મ સાથે ભેળી નાખી તેનેજ ધર્મ તરીકે ઠોકી બેસાડવાનો નથી.

બીજુ, હમો ચાર જણે જોતી એટલે ધર્મ-શિક્ષકો તરીકે અને આ ચાર જણે રાથ્વી એટલે બેહદીન ચેલાઓ તરીક કામ કરેલું હોવાથી હમારો દરજ્જો એવો કરતાં દરેક રીતે ચઢતો ગણ્યો હતો. ધર્મ-ક્રીયા જાતે કરવા વગર, અથવા હાજર રહી તે એક ચીતે નિહાળ્યા વગર, તેમાંથી મળી શકતા ફાયદા હાસલ કરવા મુસ્કેલ છે.

ત્રીજુ, જગત છ છુટા છુટા ભાગોનુ બનેલુ હોવાથી દરેક ભાગ પાછળ અમો ખાસ થોભ્યા હતા

ચોથુ, ન્યાગાનોના નામ યાદ કરતી વખતે અશો જરથોસ્તના નામ પાછળ થોભવાની મતલબ એવી હતી કે તે ચુપકીદી દરમ્યાન ક્રિયા કરનારાઓ તેમજ જોનારાઓ પોતપોતાના ગુજરેલાંઓની યાદ મનમાં કરે. વળી એ સઘળાં નામોને અશો જરથોસ્તના કુટુંબ અને વડવાઓ નાં નામો, પાદશાઓના નામો, પહેલવાનોના નામો, અને ધર્મરક્ષકોનાં નામો, એમ જુદા જુદા વર્ગોમાં વહેંચી નાખેલા હોવાથી દરેક વિભાગ પુરો થતાં હમો તે પાછળ થોભતા હતા.

ધર્મક્રિયાઓમાં ગુજરેલાંઓની યાદ એમ નામ સાથ કરવાનો રિવાજ ઉત્તમ છે. પહેલું તો સખ્યાબંધ બુધા-બાળા અને ગરીબ-તવંગર અને પાદશાહ પહેલવાન વિગેરેની યાદ એમ એકજ ઠેકાણે નામવાર થતા એક દિવસ પોતાને પણ મરવુંજ છે એ ખ્યાલ ક્રિયા કરનાર તેમજ જોનારના મનને સાબુત થાય છે; અને એવો ખ્યાલ એકવાર મગજમાંજ ઠામ પડતાંજ દુનીઆઇ મોટાઇ કે એશઆરામ માટે થતા ગુનાની લાલચ મનમાંજ કચડાઈ જાય છે, દુનીઆઈ જંજાળોની ફીકર ચિંતા તળી જાય છે, મોટાની ખુશામત અને નાનાનો તુચ્છકાર કરવાની બેવકુફાઇ માલમ પડી આવે છે; દુસ્મનોની ધાક ધમકી હાસ્યકારક દીસે છે અને અશોઇની લડત મરતાં સુધી ચાલુ રાખવા ઉલટ અને ઉમંગ પેદા થાય છે.

વળી એક મિત્ર કે બેશી કે ભાઇબંધ જેને પોતાની હાડમંદ જીંદગી આપણી સાથે ગાળેલી તે હાંથી ગુજરી મિનોઇ જીંદગીમાં દાખલ થવા છતાં તેને ભુલી ન જતાં તેની યાદ કરવાથી આપણામાં એક જાતની ઇમાનદારીનો ગુણ ખીલે છે. યાદ રાખવું કે રદીફુતીને કે હરકોઇ જાતનો જુઠ્ઠો સાચો શોક પાળીને કે ખુદાના કામ યા કુદરતના કાનુન સામે એવીજ બીજી ફોકટ ફરિયાદ ઉઠાવીને ઇમાનદારીનો આ ગુણ આપણે ખીલવતા નથી, અને તેમ ખીલવી શકીએ પણ નહિ;–પણ ગુજરેલાંની ફકત સાચા દિલથી યાદ કરીને આપણે તે ગુણ ખીલવીએ છીએ પણ એટલુંજ નથી; એકવાર આપણે દીઠેલા પણ હવે અનદિથ થયલા ગુજરેલાંઓની યાદ આવા ગંભીર અને પવિત્ર સજોગ વચ્ચે થવાથી આપણું ધ્યાન અનદિથ ઇશ્વર તરફ વધુ ખેંચાતું આપણને માલમ પડે છે. વળી ગુજરેલાંઓના નામ સાથ તેઓના કામોની યાદ પણ મનમાં આવતાં, બદી તજી નેકી એખત્યાર કરવાનું મન થાય છે ફરોહરેમાં ફકત અશો લોકોનાજ ફરોહરોની યાદ થતી હોવાથી આપણે પણ અશો થઇ તેઓને ભેટવા અને તેઓની સફમા બીરાજવા આતુર બનીએ છીએ.

પાંચમુ, ધર્મ ક્રિયાઓની મતલબ આપણામા પવિત્રાઇ અને સુખ ઉત્પન્ન કરવાની છે, અને કુદરતમાં બનતા ગાહમબાર, નવરૂઝ, વિગેરે જેવા બનાવોની તક તેમજ અમુક માણસ કે માણસોની જીંદગીમાં બનતા જન્મ, પરણ, મરણ, આફત, ફતેહ, ખુશી ખુર્મી, વિગેરે જેવા નાના મોટા બનાવોની તક આવી ક્રિયાઓ કરવા માટે હાથ ધરવામાં આવે છે. આ છેલ્લે દર્શાવેલી તક હાથ ધરી આજની ધર્મ ક્રિયા કરી છે.

છઠ્ઠું અને છેલ્લુ, આ આતશ અને પવિત્રાઇ સુચવતી આ સર્વ વસ્તુઓને પગ આગળ ન મુકતાં ઉંચે મુકવાની મતલબ સગવડ ઉપરાંત એ વસ્તુઓનો ઉંચો દરજ્જો જાળવવાની છે.

તોપણ આ ઉપરથી એમ નથી સમજવાનુ કે પવિત્રાઇ ઉત્પન્ન કરતી એ વસ્તુઓની હમોએ કદી પુજા કરી છે. ઘણીક વખ્ત બેખબર લોકો જરથોસ્તીઓને "આતશના પુજારી" સમજે છે, પણ જરથોસ્તીઓ આતશના નહિ પણ એકજ ઇશ્વિરના પુજારી છે તેની સંખ્યાબંધ સહાદતોમાંથી "હફતન યસ્ત," નામની બંદગીમાંથી લીધેલા થોડાક બોલજ અતરે પુરતા થશે—

"અયે સઉથી વૃદ્ધિ કરનાર મિનો અહુર મજદ (ઇશ્વર), આ આતશની મારફતે સઉથી પહેલાં હમો તને પહોંચીએ છેએ. જેને ગળાચી લાગેલી હોય છે તે ગળાચીને અએ આતશ, તુ લઇ લે છે................અએ આતશ હોરમજદની તું એક **નીશાન** છે..............
અયે હોરમજદ, રૂડા **મન** મારફતે, **ભલી** અશોઇ મારફતે, **ભલાં** ડહાપણ **ભર્યા કામો** અને **સખુનો** મારફતે હમો તને પહોચીએ છીએ. **અએ ઈશ્વિર, તને હમો નમીએ છીએ, હમો તારા કરજદાર છઇએ.** તમામ નેક વિચાર, નેમ સખુન અને નેક કામોથી હમે તારી નજદીક પહોંચીએ છીએ."

પણ ફકત આતશનાજ નહિ પણ પવિત્રાઇ સુચવતી અને ઉત્પન્ન કરતી ઇશ્વિરની તમામ પેદાએશના–જેવા કે હવા, પાણી, સૂર્યની રોશની વિગેરે–ના ફાયદા આપણે સ્વિકારીએ છીએ, અને તેઓને પવિત્ર રાખ્યે છેએ; પણ તેથી કાંઇ આપણે "હવાના પુજારી," "પાણીના પુંજારી," વિગેરે ઠરતા નથી.